૭૦ / ૯૦૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ

## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૯ જુલાઈ, ૨૦૦૦ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

પ્ર.૧. (અ) **નીચેનામાંથી કોઈ પણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. લીંબુ અને ચણાના દૃષ્ટાંતે મહાત્મ્ય સમજવાની રીત.
૨. અષ્ટપ્રકારની પ્રતિમા અને સંતમાં ભગવાનનો અખંડ નિવાસ.
૩. બેડી - પાંજરાના દૃષ્ટાંતે ઇન્દ્રિયાદિક જીતવાના ઉપાય.
૪. આત્મનિષ્ઠાદિક ગુણોને પરસ્પર અપેક્ષા કેવી રીતે છે ?
૫. અખંડ સ્મૃતિ અને બળબળતા ડામનું દૃષ્ટાંત.

(બ) **નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. 'તે ભગવાનનું સ્વરૂપ ................ ફેર સમજતા નથી.'
૨. 'અનંત મુક્ત થઈ ગયા.............. થવાને કોઈ સમર્થ નથી.'
૩. 'અને જે ભગવાનના ભક્ત......... કુશાગ્ર બુદ્ધિવાળા છે.'
૪. 'જે એકાંતિક ભક્ત................. સેવામાં રહે છે.'
૫. 'જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય............... અતિ મોટા જાણવા.'

(ક) **નીચેનામાંથી કોઈ પણ એક વિષય ઉપર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

૧. કલ્યાણ
૨. એકાંતિકપણાની ભક્તિ

**('સ્વામીની વાતો'ના આધારે)**

પ્ર.૨. (અ) **નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૫

૧. મહારાજનાં ચરિત્ર દીઠા, સાંભળ્યા હોય તે કહેતાં-લખતાં જીવ કેમ અટકે છે ?





૨. મહારાજનો રાજીપો થાય ત્યારે તેઓ શું આપે છે ?
૩. અક્ષરધામમાં કેટલું છેટું છે ?
૪. પર્વતભાઈ - ગોરધનભાઈ જેવા સત્સંગી કેમ થવાય ?
૫. મહારાજની સેવામાં રહેવા શાની આવશ્યકતા છે ?

(બ) **કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગા પૂરો.** ૫

૧. .................... રાખવું હોય તેણે તો ઓળખીને જીવ જોડવો.
(સાધુપણું, જીવનું જીવન, નિષ્કામવ્રત)

૨. જેને જેટલું ભૂંડું આચરણ તેને ...................... .
(તેટલું જ્ઞાન, તેટલી મહાત્મ્યમાં કસર, તેટલો કુસંગ)

૩. ભગવાનને નિરંતર રાજી રાખવા હોય તેણે ................. કરવું નહીં.
(આજ્ઞાલોપ, ઉપાસના લોપ, પરધર્મનું આચરણ)

૪. .................. બહુ જ કઠણ છે.
(જ્ઞાન શીખવું, મોટાનો અભિપ્રાય સમજવો, ભક્તિ કરવી.)

૫. .........................વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહીં.
(આજ્ઞામાં, નિષ્કપટપણે, આત્મારૂપે)

(ક) **નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો** ૧૦

૧. સંગ-કુસંગ અને પોઠિયાનું દૃષ્ટાંત.
૨. દિવ્યભાવ - મનુષ્યભાવ.
૩. રાખના પડીકાનું દૃષ્ટાંત : સાંખ્યનિષ્ઠા

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવન ચરિત્રના આધારે)**

પ્ર.૩. (અ) **નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. ભગતજીનો કોડિલો લાલ!
૨. સ્વધર્મનિષ્ઠ : ભગતજી મહારાજ
૩. ભગતજીનું પારલૌકિક વ્યક્તિત્વ.

(બ) **નીચેનામાંથી કોઈ પણ બે વિષય પર નોંધ લખો.** ૨૦

૧. 'અક્ષરધામની કૂંચી પ્રાગજીને સોંપી છે.'
૨. સહજાનંદ સ્વામીનો કર્યો પણ વિમુખ નહીં થાઉં-ભગતજી મહારાજ
૩. ભગતજીની અંતિમ લીલા.
૪. ભગતજીએ ચંદની સીવ્યા પછી સ્વામીશ્રીનો રાજીપો.

✿ ✿ ✿